JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઈઝના પતરા
• JSW | મોરછાપ | Colouron+ પતરા
• JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
• સીમેન્ટ | પ્લાસ્ટીકના નાળવાળા | પ્લેન પતરા | સ્ક્રુ
• પોલીકાર્બોનેટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ
durashine TATA BLUESCOPE STEEL | JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | TATA SHAKTEE GC SHEET
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાળા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર વદ બારસ મંગળવાર ૧૪ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૪૫ પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

# નોઈડામાં કામદારોનો ઉગ્ર આક્રોશ: તોડફોડ અને આગજની

**ગુરુગ્રામથી નોઇડા સુધી ફેલાઈ વેતન વધારાની હિંસક આગ** | **એનસીઆરના ઔદ્યોગિક વિસ્તારોમાં કામદારોનો પથ્થરમારો** | **350 ફેક્ટરીઓમાં તોડફોડ, ઘણી ગાડીઓ સળગાવી** | **દિલ્હી-નોઇડા બોર્ડર પર કલાકો સુધી ટ્રાફિક જામ** | **DND ફ્લાયઓવર અને NH-9 પર ચક્કાજામથી જનજીવન પ્રભાવિત**







**નવી દિલ્હી, તા. 13:** ગુરુગ્રામથી શરૂ થયેલા લઘુત્તમ વેતન વધારાના આંદોલને હવે આખા દિલ્હી-એનસીઆર (નેશનલ કેપિટલ રીજન)ને બાનમાં લીધું છે. હરિયાણાના ગુરુગ્રામમાં વેતન વધારાની માગ સફળ થયા બાદ, સોમવારે નોઈડામાં પણ કામદારોના વિરોધ પ્રદર્શને હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. નોઈડાના વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોમાં કામદારો રસ્તા પર ઉતરી આવ્યા હતા, જેના કારણે ભારે તોડફોડ, આગજની અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

આ વિવાદની શરૂઆત 3 એપ્રિલના રોજ માનેસર (ગુરુગ્રામ) સ્થિત હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયાના પ્લાન્ટથી થઈ હતી, જ્યાં હજારો કામદારોએ લઘુત્તમ વેતન વધારાની માગ સાથે દેખાવો કર્યા હતા. આ માગ ઝડપથી માનેસરની અન્ય 12થી વધુ કંપનીઓમાં ફેલાઈ ગઈ હતી. કામદારોનો તર્ક હતો કે વધતી જતી મોંઘવારી સામે તેમનો પગાર ઘણો ઓછો છે. ખાસ કરીને એલપીજી સિલિન્ડરના ભાવમાં 500 રૂપિયાનો વધારો અને અનાજ, તેલ જેવી જીવનજરૂરી વસ્તુઓના ભાવ વધારાને કારણે 11,000 રૂપિયાના માસિક પગારમાં ઘર ચલાવવું, ભાડું ભરવું અને બાળકોનું શિક્ષણ પૂરું પાડવું અશક્ય બની ગયું છે.

હરિયાણા સરકારે આ ગંભીરતાને સમજીને 8 એપ્રિલના રોજ લઘુત્તમ વેતનમાં 35 ટકાનો વધારો જાહેર કર્યો હતો. નવા માળખા મુજબ, અકુશળ કામદારોને 15,220 રૂપિયા, અર્ધ-કુશળને 16,780.74 રૂપિયા, કુશળ કામદારોને 18,500.81 રૂપિયા અને ઉચ્ચ કુશળ કામદારોને 19,425.85 રૂપિયા મળવા પાત્ર છે. જોકે, વહીવટીતંત્ર આ નિર્ણયની માહિતી કામદારો સુધી પહોંચાડવામાં નિષ્ફળ રહ્યું અને કલમ 163 (144) લાગુ કરી દીધી, જેના કારણે પોલીસ અને કામદારો વચ્ચે ઘર્ષણ થયું અને હિંસા ફાટી નીકળી હતી. આ મામલે 56 તોફાનીઓની ધરપકડ કરવામાં આવી છે.



## દિલ્હી-NCRમાં વેતન વધારાની માંગે ધારણ કર્યું હિંસક સ્વરૂપ

**શરૂઆતઃ** આંદોલનની શરૂઆત ૩ એપ્રિલના રોજ ગુરુગ્રામના માનેસર સ્થિત હોન્ડા પ્લાન્ટથી થઈ હતી, જ્યાં કામદારોએ મોંઘવારીના પ્રમાણમાં વેતન વધારાની માંગ કરી હતી.

**ગુરુગ્રામમાં પરિણામઃ** કામદારોના દબાણ બાદ ૮ એપ્રિલના રોજ હરિયાણા સરકારે લઘુત્તમ વેતનમાં ૩૫% નો વધારો જાહેર કર્યો હતો. જોકે, વહીવટીતંત્રની નબળી સંવાદગીરી અને કલમ ૧૪૪ (૧૬૩) ના અમલને કારણે ત્યાં ઘર્ષણ થયું હતું, જેમાં ૫૬ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

**નોઇડામાં અશાંતિઃ** ગુરુગ્રામની સફળતાથી પ્રેરાઈને નોઇડાના કામદારોએ પણ આંદોલન શરૂ કર્યું. સોમવારે નોઇડાના વિવિધ સેક્ટરો (ફેઝ ૨, સેક્ટર ૬૦, ૬૨, ૮૪)માં આ પ્રદર્શનોએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું.

**નોઈડામાં હિંસા અને અરાજકતા**

ગુરુગ્રામની સફળતા જોઈને નોઈડાના કામદારોએ પણ આંદોલન શરૂ કર્યું. કામદારોએ આક્ષેપ કર્યો કે તેમને 12 કલાકની શિફ્ટ કરાવાય છે, છતાં પગાર ઘણો ઓછો છે. મહિલા કામદારોએ આક્ષેપ કર્યો કે તેમને ઘણીવાર ડબલ શિફ્ટના કાગળ પર સહી કરાવીને સિંગલ ડ્યુટીનું વેતન આપવામાં આવે છે. સોમવારે નોઈડાના ફેઝ 2, સેક્ટર 1, 59, 60, 62, 84 અને મધરસન ગ્રુપના યુનિટોમાં વિરોધ પ્રદર્શન હિંસક બન્યા હતા. પ્રદર્શનકારીઓએ અનેક વાહનોના કાચ તોડી નાખ્યા હતા અને કેટલીક મોટરસાઈકલોને આગ ચાંપી દીધી હતી. સેક્યુરિટી ગાર્ડ્સ અને પોલીસ પર પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. તણાવ વધતા સેક્ટર 59ની ઘણી ફેક્ટરીઓને તાળા મારી દેવા પડ્યા હતા. દેખાવકારોએ પોલીસના એસયુવી વાહનો સળગાવ્યા હતા અને સરકારી મિલકતોને પથ્થરમારો કરી નુકસાન પહોંચાડ્યું હતું. ઉત્તર પ્રદેશ પોલીસે હિંસા ફેલાવવા અને અફવાઓ ફેલાવવા બદલ બે સોશિયલ મીડિયા હેન્ડલ્સ સામે FIR નોંધી છે. અહેવાલ મુજબ, હિંસા બપોર પછી શરૂ થઈ હતી અને સાંજે 5 વાગ્યા સુધી પથ્થરમારો અને તોડફોડની છૂટાછવાયા બનાવો ચાલુ રહ્યા હતા. નોઈડાની અશાંતિ દિલ્હીમાં ન પ્રવેશે તે માટે દિલ્હી પોલીસ દ્વારા તમામ બોર્ડર પોઈન્ટ્સ પર કડક ચેકિંગ અને બેરિકેડિંગ કરવામાં આવ્યું છે. ત્યાં રેપિડ રિસ્પોન્સ ટીમ અને પેરામિલિટ્રી ફોર્સ તૈનાત કરાઈ છે.

**ટ્રાફિક અને જનજીવન પર અસર**

આ વિરોધ પ્રદર્શનને કારણે દિલ્હી-નોઈડા બોર્ડર પર કિલોમીટરો સુધી લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. ખાસ કરીને ડીએનડી ફ્લાયવે અને નોઈડા લિંક રોડ (ચિલ્લા બોર્ડર) સંપૂર્ણપણે બ્લોક થઈ જતાં ઓફિસ જનારા હજારો લોકો કલાકો સુધી અટવાયા હતા. દિલ્હી ટ્રાફિક પોલીસે એડવાઈઝરી જારી કરીને લોકોને વૈકલ્પિક રૂટ વાપરવાની સલાહ આપી હતી. નેશનલ હાઈવે 9 પર પણ કામદારોએ ચક્કાજામ કર્યો હતો. પ્રશાંત શુક્લા નામના મુસાફરે જણાવ્યું કે તે DND ફ્લાયઓવર પર 2 કલાક સુધી જામમાં ફસાયો હતો.

**વહીવટીતંત્રની કાર્યવાહી**

સ્થિતિને કાબૂમાં લેવા માટે નોઈડામાં ભારે પોલીસ બંદોબસ્ત સાથે પીએસી અને રેપિડ એક્શન ફોર્સ (આરએએફ)ની કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. ગૌતમ બુદ્ધ નગરના જિલ્લા મેજિસ્ટ્રેટ મેધા રૂપમે કામદારોની ફરિયાદો સાંભળવા માટે હેલ્પલાઈન નંબર જાહેર કર્યા છે અને ડેડિકેટેડ કંટ્રોલ રૂમની સ્થાપના કરી છે. નોઈડા ઓથોરિટીની બેઠકમાં કામદારોના હિતો, ઓવરટાઈમ માટે બમણું વેતન, બોનસ, સાપ્તાહિક રજા અને સુરક્ષા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે. હાલમાં સમગ્ર વિસ્તારમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ઉત્તર પ્રદેશ સરકારે આ કટોકટીના ઉકેલ માટે વરિષ્ઠ અમલદારો અને ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓની એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે, જે નોઈડા પહોંચીને તેના સૂચનો આપશે. પોલીસ ડાયરેક્ટર જનરલ રાજીવ કૃષ્ણએ જણાવ્યું હતું કે હિંસા પાછળના 'બાહ્ય તત્વો' અને 'ઉશ્કેરણી કરનારા' લોકોની ઓળખ કરી તેમની સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

**રાજકીય નિવેદનબાજી**

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ

...અનુસંધાન પાના 13 પર

## દિલ્હી ડાયરી

### રાજનાથ સિંહે લીધો મલયાલમ ફિલ્મોનો સહારો

રક્ષામંત્રી રાજનાથ સિંહ કેરળવાસીઓના મલયાલમ ફિલ્મો પ્રત્યેના પ્રેમને સમજી ગયા હોય તેમ લાગે છે. રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં ભાગ લેતી વખતે લોકોનું ધ્યાન ખેંચવા માટે તેમણે પોતાના ભાષણોમાં મલયાલમ ફિલ્મોના સંદર્ભોનો ઉપયોગ કરવાની કળામાં નિપુણતા મેળવવાનો પ્રયાસ કર્યો છે. ચૂંટણી પ્રચારની શરૂઆતમાં રાજ્યમાં પોતાના પ્રથમ સંબોધનમાં સિંહે ત્રણ મલયાલમ ફિલ્મોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે સોનાની દાણચોરીના કેસનો ઉલ્લેખ કરવા માટે 'પોનમન' ગુનાખોરીનો દર અને નશીલા પદાર્થોના દુરુપયોગનો ઉલ્લેખ કરવા માટે 'ભ્રમયુગમ' અને 'ધ કેરળ સ્ટોરી'નો ઉલ્લેખ કરતા લોકોને વિનંતી કરી કે ફિલ્મમાં જે દર્શાવવામાં આવ્યું છે તે વાસ્તવિક જીવનમાં ન થાય તેની ખાતરી કરે. ફિલ્મો સાથે ઓછો સંબંધ ધરાવતા સિંહે પોતે આ ફિલ્મો જોઈ છે કે કેમ તે જાણી શકાયું નથી અથવા તો તેમણે માત્ર લોકો સાથે જોડાવા માટે ફિલ્મોનો એક વ્યૂહ તરીકે ઉપયોગ કર્યો હતો. ગમે તે હોય, પણ એવા

...અનુસંધાન પાના 13 પર

**તા. ૧૩-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૭.૮° સે. | ૨૬.૨° સે. | ૪૫% |

**લાંબા ગાળાની સરેરાશના ૯૨ ટકા જેટલો વરસાદ થશે**

# આ વખતે ચોમાસુ નબળું રહેશે: હવામાન વિભાગ

**અલ-નીનો** માથું ઉંચકી શકે છે તેની અસર ચોમાસા પર થશે

**નવી દિલ્હી, તા. 13(PTI):** ભારતીય હવામાન વિભાગ (IMD) એ સોમવારે જણાવ્યું હતું કે આ વર્ષે દેશમાં ચોમાસાનો વરસાદ સામાન્ય કરતા ઓછો રહેવાની શક્યતા છે. ત્રણ વર્ષના ગાળા પછી જૂન મહિનામાં 'અલ નીનો'ની સ્થિતિ સર્જાવાની શક્યતા છે, જે ભારતની કૃષિ-આધારિત અર્થવ્યવસ્થાની જીવાદોરી સમાન દક્ષિણ-પશ્ચિમ ચોમાસાને અસર કરી શકે છે.

ભારતમાં જૂનથી સપ્ટેમ્બરની સીઝન દરમિયાન 80 સેમી વરસાદ થવાની સંભાવના છે. IMDના જણાવ્યા અનુસાર, ભારતનો લાંબા ગાળાનો સરેરાશ (1971-2020) મોસમી વરસાદ 87 સેમી છે. એક પ્રેસ કોન્ફરન્સમાં સંબોધન કરતા હવામાન ખાતાના ડાયરેક્ટર જનરલ ઓફ મેટિયોરોલોજી એમ. મોહપાત્રાએ જણાવ્યું હતું કે, જથ્થાત્મક રીતે, સમગ્ર દેશમાં મોસમી વરસાદ લાંબા ગાળાની સરેરાશ (LPA)ના 92 ટકા રહેવાની શક્યતા છે, જેમાં +/- 5 ટકાની મોડેલ ભૂલ હોઈ શકે છે. ઉત્તર-પૂર્વ, ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ દ્વીપકલ્પના કેટલાક વિસ્તારો–જ્યાં સામાન્યથી વધુ વરસાદ થઈ શકે છે– તેને બાદ કરતાં દેશના મોટાભાગના ભાગોમાં સામાન્ય કરતાં ઓછો મોસમી વરસાદ અપેક્ષિત છે. સામાન્ય કરતાં ઓછા વરસાદનું એક કારણ અલ નીનોની સ્થિતિનો ઉદભવ હોઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ક્લાઈમેટ મોડલ્સ સૂચવે છે કે જૂનની આસપાસ અલ નીનોની સ્થિતિ સર્જાઈ શકે છે. અલ નીનો એ વિષુવવૃત્તીય પેસિફિક મહાસાગરના ગરમ થવાની પ્રક્રિયા છે જે વિશ્વભરના હવામાનને અસર કરે છે. છેલ્લે 2023 માં અલ નીનોની સ્થિતિ સર્જાઈ હતી. વર્ષ 2000 પછી, આ સ્થિતિ 2002, 2009 અને 2015 માં જોવા મળી હતી. ભારતમાં અલ નીનો નબળા ચોમાસાના પવનો અને શુષ્ક પરિસ્થિતિઓ સાથે જોડાયેલ છે. હાલમાં, વિષુવવૃત્તીય પેસિફિક પર નબળી 'લા નીના' સ્થિતિ 'ENSO-ન્યુટ્રલ' પરિસ્થિતિમાં બદલાઈ રહી છે. લા નીના સામાન્ય રીતે વૈશ્વિક સરેરાશ તાપમાનમાં કામચલાઉ ઘટાડો લાવે છે.

IMD એપ્રિલના મધ્યમાં ચોમાસાના વરસાદનો પ્રથમ અંદાજ આપે છે અને મે મહિનાના છેલ્લા અઠવાડિયામાં અપડેટેડ અંદાજ જાહેર કરે છે. ભારતનો કુલ 75 ટકા વરસાદ ચોમાસા દરમિયાન જ પડે છે, જે સિંચાઈ, પીવા માટેનું પાણી અને હાઈડ્રોપાવર દ્વારા વીજ ઉત્પાદન માટે ખૂબ જરૂરી છે.

# 2029થી મહિલા અનામત લાગુ કરાશે: પીએમ નરેન્દ્ર મોદી

**ભારત** 21મી સદીના સૌથી ઐતિહાસિક નિર્ણયની ઉંબરે, લોકસભાની બેઠકો વધીને 816 થશે, જેમાં 273 બેઠકો મહિલાઓ માટે અનામત રખાશે

**16થી 18** એપ્રિલ દરમિયાન યોજાનારા સંસદના વિશેષ સત્રમાં આ કાયદામાં સુધારો કરાશે

**નવી દિલ્હી, તા. 13 (PTI):** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું કે, ભારત 21મી સદીના સૌથી મહત્વપૂર્ણ નિર્ણયો પૈકીના એક લેવાની ઉંબરે ઊભું છે. સંસદમાં 16થી 18 એપ્રિલ દરમિયાન યોજાનારા વિશેષ સત્રમાં મહિલા અનામત કાયદામાં સુધારો કરીને વર્ષ 2029થી જ તેનો અમલ કરવા માટેનો માર્ગ મોકળો કરવામાં આવશે, જે દાયકાઓથી ચાલી રહેલી પ્રતીક્ષાનો અંત લાવશે.

એક મહિલા સંમેલનને સંબોધતા વડા પ્રધાને કહ્યું કે, વર્ષ 2023માં જ્યારે 'નારી શક્તિ વંદન અધિનિયમ' કાયદો લાવવામાં આવ્યો ત્યારે તમામ પક્ષોએ તેને સર્વાનુમતે પસાર કર્યો હતો અને ખાસ કરીને વિપક્ષ દ્વારા તેને 2029થી અમલમાં લાવવાની સામૂહિક માગ કરવામાં આવી હતી. વર્તમાન કાયદા મુજબ, વસ્તી ગણતરી અને સીમાંકન પ્રક્રિયાને કારણે મહિલા અનામત 2034 પહેલા લાગુ થઈ શકે તેમ ન હતી, પરંતુ હવે બંધારણીય સુધારા દ્વારા તેને 2029ની લોકસભા ચૂંટણીથી જ લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે.

આ સુધારા પસાર થયા બાદ લોકસભાની બેઠકોની સંખ્યા વધીને 816 થશે, જેમાંથી 273 બેઠકો

...અનુસંધાન પાના 13 પર

**ટ્રમ્પનો દાવો - 'ઈરાન કરાર કરવા માટે આતુર, પરંતુ હજુ પણ ગૂંચવણ યથાવત'**

# અમેરિકાની નાકાબંધી શરૂ, ચીનની લાલ આંખ અને ઈરાનનો વળતો પડકાર

**અખાતના** તમામ બંદરો પર હુમલાની ઇરાનની ધમકી

**અમેરિકી** નૌકાદળે ચેતવણી હળવી કરી, હવે સંપૂર્ણ નાકાબંધી નહીં થાય, બિન-ઇરાની બંદરોએ જતા જહાજોને પસાર થવા દેવાશે

**કૈરો, તા. 13 :** અમેરિકી સૈન્ય સોમવારથી ઈરાનના તમામ બંદરો અને દરિયાકાંઠાના વિસ્તારોની નાકેબંધી કરવા માટે સજ્જ થયું છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર દબાણ વધારવાના પ્રયાસરૂપે આ પગલું ભર્યું છે, જેના કારણે તેલના ભાવમાં વધુ વધારો થવાનું અને યુદ્ધ ફરીથી ભભૂકી ઉઠવાનું જોખમ રહેલું છે. ઈરાને આના જવાબમાં પર્શિયન ગલ્ફ અને ઓમાનની ખાડીના તમામ બંદરો પર હુમલાની ધમકી આપી છે.

ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન બ્રોડકાસ્ટિંગે સોમવારે અહેવાલ આપ્યો હતો કે, પર્શિયન ગલ્ફ અને ઓમાનના સમુદ્રમાં સુરક્ષા કાં

...અનુસંધાન પાના 13 પર



## ટ્રમ્પની નૌકાબંધીમાં જોડાવા બ્રિટેન, ફ્રાન્સ સહિત નાટો દેશોનો ઈનકાર

**લંડન.** હોર્મુઝની ખાડીમાં ઈરાની બંદરો પર ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલી નૌકાબંધીના મામલે અમેરિકા અને તેના નાટો સાથી દેશો વચ્ચે તિરાડ પડી છે. બ્રિટેન, ફ્રાન્સ અને અન્ય નાટો સાથીઓએ આ બ્લોકેડમાં જોડાવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો છે. બ્રિટિશ વડાપ્રધાન

...અનુસંધાન પાના 13 પર

## ઇરાનના જળ શુદ્ધિકરણ પ્લાન્ટ્સને નિશાન બનાવવાની ટ્રમ્પની ધમકી

સોમવારે ટ્રુથ સોશિયલ પર એક નવી પોસ્ટમાં ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાનના ૧૫૮ નૌકાદળના જહાજો 'સંપૂર્ણપણે નાશ' પામ્યા છે અને હવે સમુદ્રના તળિયે પડ્યા છે, સાથે જ તેમણે તેહરાનના બાકી રહેલા ફાસ્ટ અટેક જહાજોને સખત ચેતવણી પણ આપી હતી. તેમણે લખ્યું હતું

...અનુસંધાન પાના 13 પર